RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 260, Dt.22-12-2023 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશમાં કોરોના ફરી બેકાબુ, ૨૪ કલાકમાં ૬૪૦ નવા કેસો

## દેશમાં કોરોનાના કેસ વધતાં ભયનો માહોલઃ ૭ મહિના બાદ કોરોનાને કારણે મૃત્યુઆંક વધ્યોઃ છેલ્લા પાંચ દિવસમાં ૧૧ દર્દીઓના મોતઃ કોવિડના નવા વેરિઅન્ટને કારણે આરોગ્યતંત્ર સતત બેઠકોનો દોર ચલાવી રહ્યું છેઃ લોકોને નહીં ગભરાવવા અપીલ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કોરોનાનો JN.1 વેરિયન્ટ ભારતમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોનાના ૬૪૦ કેસ નોંધાયા છે. એક વ્યક્તિનું મોત થયું છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૨૯૯૭ પર પહોંચી ગઈ છે. એક દિવસ પહેલાં આ આંકડો ૨૬૬૯ હતો.

આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, એકલા કેરળમાં ૨,૬૦૬ એક્ટિવ કેસ છે. ૨૧ ડિસેમ્બરે અહીં કોરોનાના ૨૬૫ નવા કેસ નોંધાયા હતા. એક દર્દીનું મોત પણ થયું હતું. આ તરફ રાજસ્થાનના જયપુરમાં એક મહિનાનું બાળક કોરોના પોઝિટિવ મળી આવ્યું છે. તેની સારવાર ચાલી રહી છે.

કર્ણાટકમાં ૧૦૫ અને મહારાષ્ટ્રમાં ૫૩ કોવિડ કેસ છે. ઘણા મહિનાઓ પછી યુપીના નોઈડામાં એક પોઝિટિવ દર્દી (૫૪) મળી આવ્યા છે. ડોક્ટરે જણાવ્યું હતું કે દર્દી હાલમાં નેપાળ ગયો હતો. તે હરિયાણાના ગુરુગ્રામમાં કામ કરે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) અનુસાર, કોરોનાનું નવો JN.1 વેરિયન્ટ અત્યારસુધીમાં ૪૧ દેશોમાં ફેલાઈ ગયો છે. ફ્રાન્સ, અમેરિકા, બ્રિટન, સિંગાપોર, કેનેડા અને સ્વીડનમાં JN.1ના કેસ સૌથી વધુ છે. ભારતમાં નવા વેરિયન્ટના ૨૧ કેસ છે.

WHOએ JN.1નો 'વેરિયન્ટ ઓફ ઈન્ટરેસ્ટ'માં સમાવેશ કર્યો છે. ઠંઇઘએ કહ્યું હતું કે અત્યારસુધીનું વિશ્લેષણ કહે છે કે હાલની વેક્સિન JN.1 વેરિયન્ટ પર સંપૂર્ણપણે અસરકારક છે. આનાથી લોકોને બહુ જોખમ નથી. જોકે WHOએ સાવચેતીના ભાગરૂપે એક એડવાઈઝરી જાહેર કરી છે. આમાં લોકોને ભીડભાડવાળા અથવા પ્રદૂષિત વિસ્તારોમાં માસ્ક પહેરવાની સલાહ આપવામાં આવી છે. આ ઉપરાંત જરૂરી અંતર જાળવવા પણ કહેવામાં આવ્યું છે.કેન્દ્ર સરકારે રાજ્યોને પોતાની એડવાઈઝરીમાં કહ્યું છે કે તમામ જિલ્લાઓએ કોવિડ ટેસ્ટ કરાવવો જોઈએ. જીનોમ સિક્વન્સિંગ માટે પોઝિટિવ સેમ્પલ લેબમાં મોકલવાના નિર્દેશ આપ્યા છે. કર્ણાટકનાં પાડોશી રાજ્યો કેરળમાં કોવિડ-૧૯ ઉંગ.૧ના નવા પ્રકારના કેસોમાં વધારાને કારણે ત્યાં પણ એડવાઈઝરી જાહેર કરવામાં આવી હતી. ૬૦ વર્ષ અને એથી વધુ ઉંમરના તમામ વૃદ્ધો, કિડની, હૃદય, લિવર જેવા રોગોથી પીડિત લોકો, સગર્ભા સ્ત્રીઓ, સ્તનપાન કરાવતી માતાઓને બહાર જતી વખતે ફરજિયાતપણે માસ્ક પહેરવાની સલાહ આપવામાં આવી છે.કેન્દ્રના નિર્દેશો મુજબ, હવે બહુ ગભરાવાની જરૂર નથી અથવા નિયંત્રણો લાદીને સરહદ (કેરળ, તામિલનાડુ રાજ્યો) પર દેખરેખ વધારવાની જરૂર નથી. જોકે કેરળ અને તામિલનાડુને અડીને આવેલા તમામ સરહદી જિલ્લાઓએ સતર્ક રહેવું જોઈએ. ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી દરમિયાન લોકોને ખાસ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.

# સાંસદોના સસ્પેન્શનના વિરોધમાં આજે ઈન્ડીયા ગઠબંધનના દેશભરમાં ધરણા

## સંસદમાં શિયાળુ સત્રની સમાપ્તી સાથે હવે સડક ગજાવશે વિપક્ષો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સંસદ પરના સ્મોક સ્ટીક હુમલાના પગલે સર્જાયેલી અફડાતફડીના માહોલ તથા સંસદની સુરક્ષા મુદ્દે બન્ને ગૃહમાં સરકાર વિપક્ષ વચ્ચે સર્જાયેલા ઘર્ષણમાં છેલ્લા એક સપ્તાહમાં દેશની સંસદના ઈતિહાસમાં પ્રથમ વખત ૧૪૩ વિપક્ષો સાંસદો સમગ્ર સત્ર માટે સસ્પેન્ડ થયા તેમાં હવે કોંગ્રેસ સહિતના I.N.D.I.A. ગઠબંધનના પક્ષો આજે દેશભરમાં જીલ્લા મથકોએ ધરણા કરશે.




કોંગ્રેસ પ્રમુખ શ્રી મલ્લીકાર્જુન ખડગેએ આ મોટી સંખ્યામાં સાંસદોને સસ્પેન્ડ કરવાની ઘટનાને 'બિનલોકશાહીભર્યુ કૃત્ય' ગણાવ્યુ હતું. હવે આજે દિલ્હીમાં જંતરમંતર ખાતે કોંગ્રેસ તથા મોરચાના સાથી પક્ષોના ધરણાને કોંગ્રેસના પુર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી સંબોધન કરશે. સંસદના શિયાળુ સત્રમાં લોકસભા અને રાજયસભામાંથી વિપક્ષી નેતાઓને સસ્પેન્ડ કરવામાં નવો રેકોર્ડ બન્યો છે અને કાલે સંસદનું સત્ર એક દિવસ વહેલું સમાપ્ત જાહેર કરવામાં આવ્યું હતું.

ગઈકાલે આ પ્રકારના પગલાના વિરોધમાં જુની સંસદ ઈમારતથી વિજય ચોક સુધી વિપક્ષી દળોએ કુચ કરી હતી અને આજે હવે કોંગ્રેસ ભાજપના તેના સાથી પક્ષો દેશભરમાં જીલ્લા મથકોએ ધરણા કરશે તથા બીજી તરફ દિલ્હીમાં જંતરમંતર પર સામુહિક ધરણા દેખાવો થશે તથા રાહુલ ગાંધી તેમને સંબોધન કરશે. કોંગ્રેસ હવે ૨૦૨૪ પુર્વે આ મુદા પર સડક ગજવવાનો નિર્ણય લીધો છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં વાદળછાયુ વાતાવરણઃ ગીરનાર પર ૯.૯ ડિગ્રી તાપમાનથી પ્રવાસીઓ ઠુઠવાયા

## નલિયામાં સૌથી નીચુ તાપમાન ૨.૯ ડિગ્રી નોંધાયુંઃ અન્ય વિસ્તારોમાં સામાન્ય ઠંડી, સૂર્યનારાયણના દર્શન ન થયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે સવારે વાદળછાંયા વાતાવરણ વચ્ચે સવારે સામાન્ય ઠંડીનો અનુભવ થયો હતો. ખાસ કરીને ગિરનાર ઉપર સિંગલ ડિઝીટ ૯.૯ ડીગ્રી તાપમાનથી પ્રવાસીઓ ઠુંઠવાયા હતા. જયારે રોજની જેમ આજે પણ નલીયા ૧૨.૬ ડીગ્રી સાથે સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. તેમજ ભૂજ ખાતે ૧૫.૯ ડીગ્રી અને કંડલામાં ૧૭.૫ ડિગ્રી જયારે રાજકોટ શહેરમાં ૧૫.૨ ડીગ્રી લઘુતમ તાપમાન સાથે સામાન્ય ઠંડીનો અનુભવ થવા પામ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, જુનાગઢ સહિત સોરઠમાં છેલ્લા બે દિવસમાં ૫.૪ ડીગ્રી તાપમાન નીચે આવતા સાથે પવનની ગતિ પણ સામાન્ય રહેવા પામતા ઠંડીનો પારો નીચે ઉતર્યો છે. મંગળવારના પારો ૨૦.૩ ડીગ્રી નીચે હતો બુધવારે વધારે નીચે ઉતરી ૧૬.૨ ડીગ્રીએ નોંધાયો હતો. ગુરૂવારના વધુ ઘટીને ૧૪.૫ ડીગ્રીએ નીચે નોંધાયો હતો. પરીણામે તાપમાન નીચે આવી ૫.૪ ડીગ્રીને



ઘટવા પામ્યો છે.

ગીરનારમાં આજે પણ પારો લઘુતમ તાપમાનનો ૯.૯ ડીગ્રીએ નીચે નોંધાયો હતો. યાત્રીકો પ્રવાસીઓ ગીરનાર પર દોટ લગાવતા યુવાનો યુવતીઓને ભારે ઠંડીનો અહેસાસ થવા પામ્યો છે. ગઈકાલે પણ ગીરનાર પર ઠંડીનો પારો ૯.૯ ડીગ્રીએ નોંધાયો હતો. મહત્તમ તાપમાનનો પારો ૨૮.૭ ડીગ્રીએ નોંધાયો હતો. વાતાવરણમાં ભેજ ૪૩ ટકા રહ્યા હતો.

તથા જામનગરમાં બર્ફિલા પવનના કારણે વાતાવરણ ટાઢુબોળ બની ગયું છે. આ સીલસીલો આજે પણ યથાવત રહ્યો હતો જોકે વાદળો છવાતા લઘુતમ તાપમાનનો પારો ૧૬ ડિગ્રી હતો પરંતુ ઠંડા પવનને આજે પણ જનજીવન પ્રભાવિત થયું હતું. હવામાં ભેજનું પ્રમાણ વધતા ઠાર વધતા ઠંડીનું પ્રમાણ વધ્યું હતું. આજે સવારે અમદાવાદમાં ૧૬.૬, વડોદરામાં ૧૬.૪, ભાવનગરમાં ૧૮.૬, દમણમાં ૨૦.૮, ડિસામાં ૧૩.૯, દિવમાં ૧૯.૩, દ્વારકામાં ૧૯ અને ગાંધીનગર ખાતે ૧૪ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

# પાન કાર્ડ સાથે આધાર કાર્ડ લિંક કરવામાં મોડું કરનારાઓને ૨,૧૨૫ કરોડનો દંડ ફટકારાયો

## જેમણે ૧ જુલાઈ, ૨૦૨૩ પછી PAN-Aadhar લિંક કરનારને ૧,૦૦૦ રૂપિયાનો દંડ ભરવો પડ્યો છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાન કાર્ડ સાથે આધાર કાર્ડ લિંક કરવામાં મોડું કરનારાઓ પાસેથી કેન્દ્ર સરકારે અત્યાર સુધીમાં ૨,૧૨૫ કરોડ રૂપિયાની પેનલ્ટી વસૂલી છે. મફત પાન-આધાર લિંક કરવાની છેલ્લી તારીખ ૩૦ જૂન, ૨૦૨૩ હતી. ત્યારપછી જેમણે પાન કાર્ડ સાથે આધાર કાર્ડ લિંક કર્યું છે તેમને ૧,૦૦૦ રૂપિયાનો દંડ ભરવાનો થયો છે. આ બાબતે સરકારે સંસદમાં જણાવ્યું હતું કે ૧ જુલાઈ, ૨૦૨૩ પછી, જેમણે પાન કાર્ડ સાથે આધાર કાર્ડ લિંક કર્યું છે તેવા કુલ ૨.૧૨૫ કરોડ લોકો પાસેથી ૨,૧૨૫ કરોડ રૂપિયાની રકમ વસૂલ કરી છે.

નાણાં રાજ્ય મંત્રી પંકજ ચૌધરીના જણાવ્યા અનુસાર ૩૦ જૂન સુધી ૫૪,૬૭,૭૪,૬૪૯ પાન કાર્ડને આધાર સાથે લિંક કરવામાં આવ્યા છે. નાણા રાજ્ય મંત્રીએ કહ્યું કે કોઈ પણ પાન કાર્ડ ડીએક્ટીવેટ કરવામાં આવ્યું નથી. જો પાનને આધાર સાથે લિંક ન કરવામાં




આવે તો માત્ર પાનકાર્ડ જ નિષ્ક્રિય થયા છે. ૧ જુલાઈ, ૨૦૨૩ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ સુધીમાં, ૨.૧૨૫ કરોડ લોકોએ ૧,૦૦૦ રૂપિયાની પેનલ્ટી ચૂકવીને પાનકાર્ડને -આધાર સાથે લિંક કર્યું છે. તેમણે કહ્યું કે આ દ્વારા સરકારે ૨,૧૨૫ કરોડ રૂપિયાની રકમ વસૂલ કરી છે.

પાનકાર્ડને આધાર સાથે લિંક ન કરવાને કારણે પાનકાર્ડ નિષ્ક્રિય થઈ જાય પછી કરદાતાને કોઈ ટેક્સ રિફંડ ચૂકવવામાં આવતું નથી. તેમજ આ સમયગાળામાં રિફંડ પર કોઈ વ્યાજ પણ ચુકવવામાં આવતું નથી. તેમજ તેમની પાસેથી ટેક્સ ઊંચાદરે વસુલવામાં આવે છે. આપેલા સમય મર્યાદામાં અત્યાર સુધીમાં માત્ર ૬૦ કરોડ પાન કાર્ડ ધારકોએ જ પાન-આધાર લિંક કર્યું છે, જેમાંથી ૨.૧૨૫ કરોડ લોકોએ દંડ ભરીને તેને લિંક કરાવ્યું છે.

# IPO માટે ડિસેમ્બર માસ ટનાટન રહ્યોઃ ૧૧ કંપનીઓ રૂ. ૮૧૮૨ કરોડ એકત્ર કર્યા

## ડિસેમ્બર ૨૦૨૩માં સેન્સેક્સ અત્યાર સુધીમાં ૫.૩ ટકા વધ્યો છે, જે ડિસેમ્બર ૨૦૨૦ પછી વર્ષનો બીજો શ્રેષ્ઠ છેલ્લો મહિનો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ડિસેમ્બર ૨૦૨૩માં ૧૧ કંપનીઓએ તેમના પ્રારંભિક જાહેર ભરણાં (આઈપીઓ) રજુ કર્યા હતા. જેના થકી આ કંપનીઓ રૂ. ૮,૧૮૨.૭ કરોડ એકત્ર કરશે. ડિસેમ્બર ૨૦૨૧માં ૧૧ કંપનીઓએ ૯,૫૩૪ કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા. આમ ડિસેમ્બર ૨૦૨૩, આઈપીઓ માટે પછીનું બીજો શ્રેષ્ઠ મહિનો પુરવાર થયો છે.

આઈપીઓ પ્રવૃત્તિમાં વધારો થવાથી સામાન્ય ચૂંટણીના એક વર્ષ પહેલા ડિસેમ્બર મહિનામાં અનુભવાયેલ ખરાબ નસીબને પણ ઉલટાવી દીધું. ડિસેમ્બર ૨૦૦૮, ૨૦૧૩ અને ૨૦૧૮માં કોઈ આઈપીઓ




નહોતા, જ્યારે ૨૦૦૩માં બે આઈપીઓ રજુ કરવામાં આવ્યા હતા.

રાજ્યની ચૂંટણીઓ અને ફેડરલ રિઝર્વના નાણાકીય નીતિના નિર્ણયો અંગે અનિશ્ચિતતા વચ્ચે ડિસેમ્બરના પ્રથમ ભાગમાં કોઈ આઈપીઓ આવ્યા ન હતા. જો કે, યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં ઘટાડો અને આવતા વર્ષની શરૂઆતમાં પ્રથમ કટના સંકેત આપતા સમાચારોથી રોકાણકારોને પ્રોત્સાહન મળ્યું હતું. ફેડરલે સંકેત આપ્યો હતો કે આવતા વર્ષે વ્યાજ દરોમાં ૭૫ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો કરવામાં આવશે, જે બજારની અપેક્ષા કરતાં વધુ છે.

પાંચમાંથી ત્રણ વિધાનસભાની ચૂંટણીઓમાં સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટીની જીતથી રાજકીય માહોલ સાનુકૂળ બન્યો છે અને આગામી વર્ષની સામાન્ય ચૂંટણીઓ પછી નીતિ અને સરકારનું સાતત્ય જળવાઈ રહેશે તેવી આશા ઊભી થઈ છે.આ મહિને વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા રોકાણમાં વધારો થયો છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો ડિસેમ્બરમાં રૂ. ૫૬,૬૧૭ કરોડની ઇક્વિટીના ચોખ્ખા ખરીદદારો હતા.

ડિસેમ્બર ૨૦૨૩માં સેન્સેક્સ અત્યાર સુધીમાં ૫.૩ ટકા વધ્યો છે, જે ડિસેમ્બર ૨૦૨૦ પછી વર્ષનો બીજો શ્રેષ્ઠ છેલ્લો મહિનો છે. પ્રાઇવેટ ઇક્વિટી રોકાણકારો અને પ્રમોટર્સ આ મહિનાના કેટલાક આઈપીઓમાં તેમનો હિસ્સો વેચ્યો છે. દરમિયાન, ઘણી પીઈ કંપનીઓ તેમનો હિસ્સો વેચતી જોવા મળી હતી.

આગામી મહિને પણ આઈપીઓ રજુ થવાની પ્રક્રિયા જારી રહેશે અને લગભગ એક ડઝન જેટલી કંપનીઓ બજારમાં પ્રવેશવા તૈયાર છે.

# વડાપ્રધાનને ખીસ્સા કાતરુ કહેવા અયોગ્ય, ચૂંટણી પંચ રાહુલ સામે પગલાં લે : હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કોંગ્રેસ નેતાએ રાજસ્થાનની રેલીમાં મોદી-અદાણી પર આક્ષેપ કર્યો હતોઃ ચૂંટણી પંચને પગલાં લેવા આઠ સપ્તાહનો સમય આપ્યો

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કરેલી ટીપ્પણી પર દિલ્હી હાઈકોર્ટે વાંધો ઉઠાવ્યો છે. વધુમાં હાઈકોર્ટે આ કેસમાં રાહુલ ગાંધી વિરુદ્ધ યોગ્ય નિર્ણય લેવા માટે ચૂંટણી પંચને આઠ સપ્તાહનો સમય આપ્યો છે. સાથે જ હાઈકોર્ટે આ પ્રકારના નિવેદનો અંગે નિયમ વધુ કડક કરવા પણ નિર્દેશ આપ્યા છે. દિલ્હી હાઈકોર્ટે જાહેર હિતની એક અરજીની સુનાવણી કરતાં આ નિર્દેશો આપ્યા હતા.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણી પહેલાં એક કાર્યક્રમમાં ગૌતમ અદાણીનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને



ગૃહમંત્રી અમિત શાહ પર વિવાદાસ્પદ ટીપ્પણી કરી હતી. કાર્યવાહક મુખ્ય ન્યાયાધીશ મનમોહનના અધ્યક્ષપદે બેન્ચે કહ્યું કે, રાહુલ ગાંધીનું કથિત નિવેદન યોગ્ય નથી તેથી ચૂંટણી પંચે આ બાબતે તપાસ કરવી જોઈએ. આ સંબંધમાં રાહુલ ગાંધીને પણ નોટિસ પાઠવવામાં આવી છે.દિલ્હી હાઈકોર્ટની બેન્ચે આદેશ આપ્યો કે, ચૂંટણી પ્રચાર સમયે થયેલી ફરિયાદનો જવાબ આપવાની સમય મર્યાદા પૂરી થઈ ગઈ છે અને કોઈ જવાબ મળ્યો નથી, તેથી હાઈકોર્ટ ચૂંટણી પંચને આ કેસમાં યોગ્ય કાર્યવાહી કરવાનો નિર્દેશ આપે છે.

હાઈકોર્ટે કહ્યું કે, ૨૩ નવેમ્બરે મોકલવામાં આવેલી નોટિસમાં ચૂંટણી પંચે પોતે જ કહ્યું હતું કે, તે આ કેસમાં યોગ્ય કાર્યવાહી કરશે. અરજદાર ભરત નાગરે હાઈકોર્ટને જણાવ્યું કે રાહુલ ગાંધીએ ૨૨ નવેમ્બરે વડાપ્રધાન સહિત ઉચ્ચ સરકારી પદો પર બેઠેલા લોકો વિરુદ્ધ અન્ય જઘન્ય આરોપ મૂક્યા હતા અને વડાપ્રધાન મોદીને ખીસ્સા કાતરુ કહ્યા હતા.કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ૨૧ નવેમ્બરે રાજસ્થાનના ઝાલોરમાં ચૂંટણી રેલીમાં કહ્યું હતું કે, પીએમનો અર્થ પનૌતી મોદી છે. મોદી ટીવી પર આવે છે અને હિન્દુ-મુસ્લિમ કહે છે અને ક્યારેક-ક્યારેક ક્રિકેટ મેચમાં જતા રહે છે, એ અલગ બાબત છે કે તેમણે હરાવી દીધા. મોદીનું કામ પોતાનું ધ્યાન અહીં-તહીં કરવાનું હોય છે. આવું જ બે ખીસ્સા કાતરુ હોય છે, એક આવે છે, તમારી સામે તમારી સાથે વાત કરે છે, તમારું ધ્યાન ભટકાવે છે. ત્યારે પાછળથી બીજો કોઈ ખીસ્સા કાતરુ તમારું ખીસ્સુ કાપી લે છે. મોદીનું કામ તમારું ધ્યાન બીજે ખેંચવાનું છે. અદાણીનું કામ તમારું ખીસ્સુ કાપવાનું છે.

# રામ મંદિરનું ઉદઘાટન : યોગી સરકારે હોટેલોના બધા જ પ્રી-બુકિંગ રદ કર્યા

## અયોધ્યામાં હોટેલોમાં રૂમનું ભાડું રૂ ૭૦૦૦૦ને પારઃ અયોધ્યામાં રામ લલ્લાના પ્રાણ પ્રતિષ્ઠા સમારંભમાં વીવીઆઈપીની સુરક્ષાને પગલે રાજ્ય સરકારનો નિર્ણય

**મુખ્ય સમાચાર, અયોધ્યા**

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં શ્રીરામ મંદિરના ભવ્ય ઉદઘાટન અને રામ લલ્લાની મૂર્તિના પ્રાણ પ્રતિષ્ઠા સમારંભને હવે એક મહિનાનો સમય માંડ બચ્યો છે ત્યારે મંદિરના ઉદઘાટન સમારંભમાં હાજર રહેવા માટે હિન્દુઓમાં જબરજસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જેને પગલે હોટેલોમાં ૨૨-૨૩ જાન્યુઆરી માટે એક રૂમનું ભાડું રૂ. ૭૦,૦૦૦ને પાર થઈ ગયું છે. આવા સમયે યોગી સરકારે ગુરુવારે એક મહત્વપૂર્ણ નિર્ણય લેતાં અયોધ્યામાં ૨૨ જાન્યુઆરી માટે બધી જ હોટેલો-ધર્મશાળાઓના પ્રી-બુકિંગ રદ કરી દીધા છે.

ભગવાન રામની નગરી અયોધ્યામાં બની રહેલા ભવ્ય રામ મંદિરનું ૨૨મી જાન્યુઆરીએ ઉદઘાટન થવાનું છે. આ સમારંભના સમયે દેશભરમાંથી અંદાજે ૩થી ૫ લાખ શ્રદ્ધાળુઓ શહેરમાં ઉમટી પડશે તેવી સંભાવના છે. શ્રદ્ધાળુઓના



ધસારાને જોતાં શહેરના હોટેલ ઉદ્યોગમાં જબરજસ્ત તેજી જોવા મળી હતી. ૨૨-૨૩ જાન્યુઆરી માટે અયોધ્યામાં મોટાભાગની હોટેલોમાં રૂમ બૂક થઈ ગયા છે. ફાઈવ સ્ટાર હોટેલોમાં જ્યાં રૂમ ખાલી છે ત્યાં એક દિવસનું ભાડું રૂ. ૭૦,૦૦૦ને પાર થઈ ગયું છે. નાની-મોટી હોટેલો-ધર્મશાળામાં પણ રૂમના ભાડાંમાં અનેક ઘણો ઉછાળો જોવા મળ્યો છે. આ જ સમયે અયોધ્યામાં મંદિરના ઉદઘાટન અને પ્રાણ પ્રતિષ્ઠા સમારંભની તૈયારીઓની સમીક્ષા કરતાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શહેરમાં ૨૨ જાન્યુઆરીના દિવસ માટે બધી જ હોટેલો અને ધર્મશાળાઓના પ્રી-બૂકિંગ રદ કરી દેવાની જાહેરાત કરી છે. રાજ્ય સરકારે દલીલ કરી છે કે આ દિવસે વીવીઆઈપીની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. અયોધ્યામાં ૨૨ જાન્યુઆરી માટે લોકોએ મોટી સંખ્યામાં હોટેલોમાં બૂકિંગ કરાવ્યા છે.

જોકે, રાજ્ય સરકારે ગુરુવારે જણાવ્યું હતું કે, ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં માત્ર એ લોકો જ હોટેલમાં રોકાઈ શકશે જેમની પાસે ડયુટી પાસ હશે અથવા જેમને શ્રીરામ તીર્થ ટ્રસ્ટે આમંત્રણ આપ્યું હશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે, અનેક લોકોએ ૨૨ જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા સમારંભના દિવસે સ્થાનિક હોટેલો અને ધર્મશાળાઓમાં રૂમ બૂક કરાવ્યાનું સરકારના ધ્યાનમાં આવ્યું છે. જોકે, સરકારે અત્યાર સુધી થયેલા બધા જ બૂકિંગ રદ કરવાની જાહેરાત કરી છે. આ દિવસે ભારતના વિશિષ્ટ આમંત્રીતો અયોધ્યામાં આવશે. અયોધ્યા એરપોર્ટ પર પણ ૧૦૦થી વધુ વિમાનો આવવાની સંભાવના છે, તેમના ડાયવર્ઝનની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

# ઊનાના શીલજ નાથડ પાસે આવેલ ખુલ્લી ગટરોમાં અવાર-નવાર પશુ પડી જતાં હોય આ અંગે તાત્કાલિક કાર્યવાહી કરવા હિન્દુ યુવા સંગઠનની માંગ

**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**

**ઊના:** ઉના તાલુકામાં (ભાવનગર સોમનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ) નીકળેલ જેમાં લામધાર થી નાથળ સુધી રાષ્ટ્રીય ધોરી માર્ગ વચ્ચે પાણીના નિકાલ માટે ગટર લાઈન બનાવવામાં આવેલ છે જે ગટર ખુલ્લી મુકવામાં આવેલ હોય જેથી અવાર નવાર ત્યાંથી પાલતું પ્રાણીઓ આવતા જતા રહેતા હોય છે જે ઘણી વાર તે ગટરમાં ફસાય જતા હોય ગટર ખુલી મુકવાના કારણે વારંવાર તે ગટર માં ગાયો ફસાતી હોય છે જેને કારણે તે ગટર માં ગયો અવસાન પામતી હોય છે.

રાષ્ટ્રીય ધોરી માર્ગ વચ્ચે પાણીના નિકાલ માટેની ગટર માં ઘણી ગાયો અવસાન પણ પામેલી છે તથા ઘણી ગાયો ઈજા ગ્રસ્ત પામેલી છે અમો હિન્દુ યુવાસંગઠન ભારત,ઉના તથા ગૌરક્ષક દળ,ઉનાને વારમ વાર કોલ આવતા હોય છે અને તે ગાયોને અમો ગાયોને બહાર કાઢી સારવાર કરીએ કરતા હોય છે



લામધાર થી નાથળ સુધી રાષ્ટ્રીય ધોરી માર્ગ વચ્ચે પાણીના નિકાલ માટે ગટર લાઈન બનાવવામાં આવેલ છે જે ગટર ખુલ્લી મુકવામાં આવેલ છે તે યોગ્ય ખરાઈ કરી તેની યોગ્ય કાર્ય વાહી કરવામાં આવે જેથી તેમાં ફસાતી ગાયો અને અન્ય પ્રાણી ઓ પાણીના નિકાલ માટેની ગટર માં ફસાતા બચે તે રજૂઆત સાથે આજે ઉના પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે

# વાંકાનેરના લીંબાળાધાર પંપીંગ સ્ટેશન તથા જી.ઇ.બી.ના ગોડાઉનમાંથી ઈલે. ટ્રાન્સફોર્મરમાંથી કોપર વાયરની ચોરી કરનાર આંતરરાજય ગુર્જર ગેંગ ઝડપાઈ

## મોરબી જીલ્લા પોલીસ દ્વારા ગુર્જર ગેંગના પાંચ સભ્યોને દબોચી,કોપર વાયર સહીત ૧૦.૧૩ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીઃ વાંકાનેર,ચોટીલા સહીત સૌરાષ્ટ્રમાં કુલ છ જગ્યાએથી કોપર વાયર ચોરી,લુંટના ગુનોઓનો ભેદ ઉકેલી આંતરરાજ્ય ગુર્જર ગેંગનો પર્દાફાશ કરી ગુર્જર ગેંગના પાંચ સભ્યોને દબોચી લેવામાં આવ્યા છે. જયારે હજુ આ ગુર્જર ગેંગના સાત સભ્યો પોલીસ પકડથી દૂર છે તેમને પકડી પાડવાની તજવીજ હાથ ધરી છે. આમ મોરબી જીલ્લા પોલીસે કોપર વાયરનો જથ્થો તેમજ ચોરી લૂંટના ઉપયોગમાં લેવાયેલ વાહન તથા પાના-પક્કડ, કટ્ટર સહિતના કુલ રૂ. ૧૦,૧૩,૨૦૦/-નો મુદામાલ કબ્જે કર્યો હતો.



સમગ્ર કેસની ટૂંક વિગત મુજબ મૂળ અમદાવાદના રહેવાસી અને વાંકાનેર લીંબાળાધાર ખાતે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના પમ્પીંગ સ્ટેશનનો કોન્ટ્રાક્ટ ધરાવતા મુકેશભાઇ ભગવાનજીભાઇ મારવાણીયાએ વાંકાનેર સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ જાહેર કરી કે ઉપરોક્ત જગ્યાએ પમ્પીંગ સ્ટેશનમાં પોતાનો કોન્ટ્રાક્ટ ચાલતો હોય ત્યારે ગઇ તા. ૦૭ ડિસેમ્બર ૨૦૨૩ ના રાત્રીના સમયે ઇલેકટ્રીક લાઇનનું ચાલુ ટ્રાન્સફોર્મર તથા વધારાનું ટ્રાન્સફોર્મર એમ બન્ને ટ્રાન્સફોર્મર તોડી તેમાંથી કોપર વાયર આશરે ૮૦૦ કિલો જેની કિ.રૂ. ૪,૮૦,૦૦૦/-ની ચોરી અજાણ્યા ચોર ઇસમો કરી લઇ ગયેલ અંગેની ફરીયાદ નોંધાવી હતી. ત્યારબાદ ઉપરોક્ત ચોરીના બનાવ જેવો જ બનાવ બનવા પામ્યો હતો જેમાં તા.૧૦ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ રાજકોટ અમદાવાદ હાઇવે રોડ ઉપર આવેલ ચાણપા ગામના પાટીયા નજીક ગુજરાત પાણી પુરવઠા બોર્ડના પંપીંગ સ્ટેશન ખાતે પણ ટ્રાન્સફોર્મરમાંથી કોપર વાયરની ચોરી થયાની ફરીયાદ નોંધાઈ હતી.

ઉપરોક્ત બનેલ બંને બનાવમાં એક સરખી રીતે ચોરી લૂંટના બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઇ મોરબી જીલ્લા પોલીસની એલસીબી એસઓજી તેમજ પોલીસ મથકની એમ અલગ અલગ ટીમ સમગ્ર ચોરી લૂંટ કરતી ગેંગને પકડી પાડવા અલગ અલગ દિશામાં કાર્યરત હોય તે દરમિયાન ટેક્નિકલ ટીમ અને હ્યુમન સોર્સીસથી બાતમી મળેલ કે આ ચોરીના ગુનાને અંજામ આપનાર આરોપી લીંબડી અમદાવાદ હાઇવે રોડ ઉપર આવેલ રામભરોસે હોટલની બાજુમાં ભંગારનો ડેલો ધરાવતો ચુનીલાલ ભેરૂલાલ ગુર્જર હોવાની હકીકત મળેલ હતી. જેના આધારે ઉપરોક્ત સ્થળ ખાતે તપાસ કરતા ચોરીના ગુનાને અંજામ આપનાર ચુનીલાલ ભેરૂલાલ ગુર્જર ઉવ.૨૫, હાલ રહે. લીંબડી ભંગારના ડેલામાં મુળ રહે. સરેડી ગામ, રાજસ્થાન, પ્રભુલાલ ઇશ્વરલાલ ગુર્જર ઉવ. ૨૩ રહે. હાલ લીંબડી ભંગારના ડેલામાં. મૂળ રહે.સંજાડી કા બાડીયા રાજસ્થાન, દિપકભાઇ રેખારામ ગુર્જર ઉવ.૨૧ રહે.હાલ રહે.શામળાજી,તા.ભીલોડા જી.અરવલ્લી મુળ જાંખરા (રાજસ્થાન), રતનલાલ સરવણલાલ ગુર્જર ઉવ. ૨૧ રહે. હાલ લીંબડી-ભંગારના ડેલામાં મુળ ગામ જસવંતપૂરા (રાજસ્થાન), લક્ષ્મણલાલ મેઘરાજ કુમાવત ઉવ. ૨૮ રહે. હાલ અમદાવાદ, સનાથલ સર્કલ, ભંગારના ડેલામાં મુળ ગામ સબલપુરા(રાજસ્થાન)ની અટક કરી, ચોરી કરવા તથા ચોરી કરેલ મુદ્દામાલની હેરાફેરી કરવામાં ઉપયોગમાં લીધેલ વાહન તથા કોપર વાયરનો જથ્થો મળી કુલ રૂ.૧૦,૧૩,૨૦૦/- મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

મોરબી જીલ્લા પોલીસના દરોડામાં પકડાયેલ પાંચ આરોપીની પ્રાથમિક પુછપરછ કરતા ઉપરોક્ત વાંકાનેરના લીંબાળાધાર પાસે ચોરીના નોંધાયેલ ગુનો તથા તે સિવાય સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા, મુળી, પાણસીણા તથા અમદાવાદ ગ્રામ્યના બગોદરા પો.સ્ટે. ખાતે આ પ્રકારના ગુના આચરેલ તેમજ લખતરના ગાંગડ નજીક આવેલ પાણી પુરવઠા બોર્ડના ફિલ્ટર પ્લાન્ટના ચોકીદારને બંધક બનાવી ઢીકા પાટુનો માર મારી લૂંટ ચલાવેલની કબુલાત આપતા ઉપરોક્ત જણાવેલ તમામ પોલીસ સ્ટેશન ખાતે ખરાઇ કરવામાં આવી હતી. ત્યારે ગુર્જર ગેંગના પાંચ સભ્યોની અટક કરી ગેંગના અન્ય સાત સભ્યો રાજુ ગુર્જર રહે.નાબરીયા રાજસ્થાન, ધર્મેશ બાબુલાલ ગુર્જર રહે.આંકીયા રાજસ્થાન, સુખદેવ ગુર્જર રહે.ક્વાસ્કાગુડા રાજસ્થાન, ગોરધનનાથ સુગનનાથ યોગી રહે.જીતી રાજસ્થાન, સુરેશ ગુર્જર રહે.બુરવાડા રાજસ્થાન, ડાલુ હાલુ ગુર્જર રહે બબાના રાજસ્થાન, પ્રકાશ પન્નાલાલ સાલ્વી રહે. કુવાસ્કા ગુડાપોકુંડાવા રાજસ્થાનને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.ઉલ્લેખનીય છે કે પકડાયેલ ગુર્જર ગેંગ દિવસ દરમ્યાન હાઇવે રોડ નજીકમાં આવેલ પાણી પુરવઠાના પંપીંગ સ્ટેશન, ફિલ્ટર પ્લાન્ટ, જી.ઇ.બી.ના ખુલ્લા વંડામાં રાખેલ ટ્રાન્સફોર્મરની રેકી કરી મોડી રાત્રીના સમયે સંપૂર્ણ તૈયારી સાથે વાહનોમાં સાત થી આઠ જેટલા ગેંગના સભ્યો સાથે આવી ટ્રાન્સફોર્મર તોડી તેમાથી કોપર તથા એલ્યુમીનીયમના વાયર ચોરી કરવાની ટેવ વાળા છે. તેમજ કોઇ ચોકીદાર કે સિક્યુરીટી ગાર્ડના એકલ દોકલ માણસો હોય તો તેને માર મારી બંધક બનાવી ચોરી તથા લુંટ,કરવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે.

# ભાણવડમાં વિદેશી દારૂ સાથે બે ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ભાણવડ તાલુકાના ઘુમલી વિસ્તારમાં સ્થાનિક પી.એસ.આઈ. એમ.આર. સવસેટાની સૂચના મુજબ સ્થાનિક પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન નિલેશભાઈ કારેણા, કિશોરસિંહ જાડેજા તેમજ વિપુલભાઈ હેરભાને મળેલી બાતમીના આધારે ભાણવડ તાલુકાના ઘુમલી ગામમાં એક મંદિર પાસેથી પસાર થતી જી.જે. ૩૨ કે. ૯૦૦૭ નંબરની વર્ના મોટરકારને પોલીસે અટકાવી, ચેકિંગ કરતા આ કારમાંથી વિદેશી દારૂની ૨૦૨ બોટલ મળી આવી હતી. આથી પોલીસે રૂ. ૬૧,૬૦૦ ની કિંમતના પરપ્રાંતિય શરાબ તથા રૂપિયા સાડા ચાર લાખની કિંમતની કાળા કલરની વર્ના મોટરકાર



ઉપરાંત રૂ. ૩,૦૦૦ ની કિંમતનો એક મોબાઇલ ફોન મળી, કુલ રૂપિયા ૫,૧૪,૬૦૦ ના મુદ્દામાલ સાથે ખંભાળિયા તાલુકાના બજાણા ગામના રહીશ જયદીપ ભીખાભાઈ ભાદરકા (ઉ.વ. ૩૦) અને નાઘેડી ગામના જયદીપ ઉર્ફે દીપુડો લાખાભાઈ લગારીયા (ઉ.વ. ૨૪) નામના બે શખ્સોને ઝડપી લીધા હતા.

આ પ્રકરણમાં હનુમાનગઢ ગામના લખન કેશુભાઈ ગોઢાણીયાનું નામ પણ ખુલતા પોલીસે હાલ તેને ફરાર ગણી, પ્રોહિબીશન એક્ટ મુજબ ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાની સમીક્ષા બેઠક યોજાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેકટર બી.એ.શાહના અધ્યક્ષસ્થાને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની સમીક્ષા બેઠક યોજાઈ હતી. કેન્દ્ર સરકારના માર્ગદર્શન તળે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની સમગ્ર દેશમાં અમલવારી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગત તા.૨૩ મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ ઝારખંડના રાંચી ખાતે આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના AB-PMJAY ની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૫૦ કરોડથી વધુ લાભાર્થીઓને લાભ મળ્યો છે.

બેઠકમાં કલેકટરએ જામનગર જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના ફરિયાદ સમિતિમાં આવેલા પ્રશ્નોને સાંભળ્યા હતા અને તેનો યોગ્ય નિકાલ થાય તે દિશામાં સર્વે સદસ્યોને કાર્ય કરવા અંગેની સૂચના આપી હતી. આ બેઠકમાં જામનગર જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાયા, ડી.પી.સી. યજ્ઞેશ ખારેચા, તમામ તાલુકા આરોગ્ય અધિકારીઓ, વીમા કંપનીના કર્મચારીગણ અને ઉક્ત યોજના સાથે સંલગ્ન તમામ હોસ્પિટલના પ્રતિનિધિગણ હાજર રહયા હતા.

# મોરબી એસીબીની ટીમે માળિયા (મી.) ના તરઘરી ગામના સરપંચના પતિ તેમજ સભ્યને ૮૦ હજારની લાંચ લેતા ઝડપ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા તાલુકાના તરઘરી ગામે તરઘરી ગ્રામ પંચાયતની ખરાવાડ તથા ગ્રામ પંચાયતના ખરાબામાં પરદેશી બાવળ કાપવાની મંજૂરી આપવા માટે મહિલા સરપંચના પતિ અને ગ્રામ પંચાયતના સભ્યએ રૂ.૮૦ હજારની લાંચની માંગણી કરી હતી. જેને પગલે મોરબી એસીબી પોલીસની ટીમે છટકું ગોઠવીને બન્નેને રંગેહાથ ઝડપ્યા હતા.

મળતી વિગત પ્રમાણે ફરિયાદી પરદેશી બાવળ કાપી છુટક વેચાણ કરતા હોય જેથી તેમણે તરઘરી ગ્રામ પંચાયતની ખરાવાડ તથા ગ્રામ પંચાયતના ખરાબામાં રહેલા પરદેશી બાવળ કાપવા તરઘરી ગ્રામ પંચાયતના ચુટાયેલ સભ્ય આરોપી દામજીભાઇ પોપટભાઇ ગામીની પાસે પંચાયતની મંજુરી લઇ આપવા રજૂઆત કરી હતી. નિયમ મુજબ તરઘરી ગ્રામ પંચાયતના સરપંચ જ્યોતિબેનને આ અંગેની



રજૂઆત કરવાને સ્થાને આરોપી દામજીભાઇએ સરપંચ જ્યોતિબેનના પતિ મુકેશભાઇ હમિરભાઇ પરમારનો ભેટો ફરિયાદી સાથે કરાવ્યો હતો.

આરોપી મુકેશભાઇએ ફરિયાદીને એવું જણાવ્યું હતું કે, ગ્રામ પંચાયતનો તમામ વહિવટ પોતાના પત્ની વતી પોતેજ કરતા હોય તેઓની સાથે ફરીયાદીને મેળવી બન્ને આરોપીઓએ ફરીયાદી પાસેથી તરઘરી ગ્રામ પંચાયતની ખરાવાડ તથા ગ્રામ પંચાયતના ખરાબામાં પરદેશી બાવળ કાપવાની ગ્રામ પંચાયતની મંજુરી આપવાના અવેજ પેટે રૂ.૮૦,૦૦૦ આપે તો જ ગ્રામ પંચાયતની મંજુરી આપવાનુ કહી ફરીયાદી પાસેથી રૂ.૮૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી.

જેથી સમગ્ર મામલે ફરિયાદીએ મોરબી એસીબી કચેરીનો સંપર્ક કર્યો હતો. એસીબી પોલીસ દ્વારા માળીયામાં બાલાજી ચેમ્બર અવધ ડીલક્ષ પાનની દુકાનની સામે પીપળીયા ચાર રસ્તા ખાતે લાંચનુ છટકુ ગોઠવ્યું હતું. જ્યાં બંને આરોપીઓ રૂબરૂ આવ્યા હતા અને રૂ.૮૦,૦૦૦ની લાંચ લેતા રંગે હાથ ઝડપાયા હતા.

હાલ મોરબી એસીબી પોલીસની ટીમે બંને આરોપીઓને પકડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરીમાં મોરબી એ.સી.બી. પોલીસના પોલીસ ઇન્સ્પેક્ટર એચ.એમ.રાણા અને રાજકોટ એસીબીના મદદનીશ નિયામક વી.કે.પંડ્યા સહિતના પોલીસકર્મીઓ જોડાયેલા હતા.

# મોરબીના ખાખરેચી ગામે થયેલ હત્યાના કેસમાં બંને આરોપીને સાત વર્ષની સખ્ત કેદની સજા ફટકારતી સ્પે.એટ્રોસિટી કોર્ટ

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા તાલુકાના ખાખરેચી ગામે ખેતમજૂરી કરતા બે શ્રમિક પરિવાર વચ્ચે મહિલા સાથેના આડા સંબંધમાં મહિલાએ સાથે જવાની ના પાડતા ઉશ્કેરાયેલા પ્રેમીએ કોસનો ઘા મારી દેતા મહિલાનું મોત નિપજયુ હતું. જે હત્યાના બનાવમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી નામદાર કોર્ટ હવાલે કરાયા હતા. જે હત્યા બાબતનો કેસ મોરબીની સ્પે. એટ્રોસિટી કોર્ટમાં ચાલી જતા બંને આરોપીને સાત વર્ષની સખ્ત કેદની સજા ફટકારવામાં આવી હતી.



માળીયા તાલુકાના ખાખરેચી ગામે ખેતમજૂરી કરતા રણજીતભાઈ બામેટિયાભાઈ વસાવાના પત્ની શારદાબેન સાથે આરોપી ભુપતભાઇ સવાભાઈ વડેયાને આડાસંબંધ હોય આરોપી ભુપતભાઇ શારદાબેનને વિરમગામ લઈ ગયો હતો અને બાદમાં શારદાબેન પરત ખાખરેચી આવી જતા પતિ રણજીતભાઈની હાજરીમાં જ આરોપી ભૂપતભાઈએ શારદાબેનને વિરમગામ આવવા દબાણ કરતા શારદાબેને ઇનકાર કરતા આરોપી ભુપતભાઇ તેમજ તેનો ભાઈ અને શારદાબેન તેમજ રણજીતભાઈનો જમાઈ એવા આરોપી બીજલ સવાભાઈ વડેચાએ એક સંપ કરી શારદાબેનને લોખંડની કોશ વડે માથામાં ઇજાઓ પહોંચાડતા શારદાબેનને સારવારમાં ન ખસેડતા ઘરે ચા ની ભૂક્કી લગાડી સુવડાવી દેતા સવારે શારદાબેનનું મૃત્યુ નિપજયુ જે બાબતના ગુન્હાની માળીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી ભુપતભાઇ સવાભાઈ વડેચા અને બીજલ સવાભાઈ વડેચા રહે.ઝીંઝુવાડા, સુરેન્દ્રનગર વિરુદ્ધ ગુન્હો નોંધી બંનેની અટક કરી હતી.

ઉપરોક્ત હત્યાનો કેસ મોરબી સ્પે. એટ્રોસિટી કોર્ટમાં ચાલી જતા નામદાર એટ્રોસીટી કોર્ટના જજ વિરાટ એ.બુદ્ધ સાહેબે ૧૨ મૌખિક અને ૪૪ દસ્તાવેજી પુરાવાઓ તેમજ મદદનીશ સરકારી વકીલ સંજયભાઈ સી.દવેની ધારદાર દલીલો ધ્યાને લઇ ઉપરોક્ત આરોપીઓને આ હત્યા કેસમાં સાત વર્ષની કેદ તેમજ ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

# વઘાસિયા નકલી ટોલનાકા પ્રકરણમાં આરોપીઓ રાજકીય ઈશારે છુટા ફરતા હોવાનો કોંગ્રેસનો આરોપ


**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના વઘાસીયા નજીક નકલી ટોલનાકા કેસમાં ઘણા દિવસો થવા છતાં એકપણ આરોપી પકડાયો ન હોવાથી કોંગ્રેસે આરોપ મુકતા જણાવ્યું કે, ભાજપની રહેમનજર હેઠળ આ વગદાર આરોપીઓ બોગસ ટોલનાકા કૌભાંડ કર્યા બાદ ઘણો સમય થવા છતાં ભાજપ અગ્રણી, ફેક્ટરીના માલિક સહિતના વગદાર આરોપીઓને રાજકીય ઈશારે પોલીસ પકડી ન શકતી નથી. કોંગ્રેસે કલેકટર અને જિલ્લા પોલીસ વડાને આવેદન આપી તાત્કાલિક આરોપીઓને ઝડપી લેવા માંગ કરી છે. કોંગ્રેસે રજૂઆતમાં જણાવ્યું છે કે,



વાંકાનેરના વઘાસિયા પાસે નકલી ટોલનાકા કાંડમાં સૂત્રધારો સીદસર ઉમિયાધામના પ્રમુખ જેરામભાઈ વાસજાળીયાના પુત્ર અને વઘાસિયા પાસે આવેલ વ્હાઇટ હાઉસ સિરામિક ફેકટરીના માલિક અમરશીભાઇ જેરામભાઇ વાસજાળીયા, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિ અને ભાજપ અગ્રણી વઘાસિયાના સરપંચ ધર્મેન્દ્રસિંહ બહાદુરસિંહ ઝાલા, રવિરાજસિંહ વનરાજસિંહ ઝાલા, હરવિજયસિંહ જયુભા ઝાલા, યુવરાજસિંહ બહાદુરસિંહ ઝાલા સહિતના મોટા માથાઓ સામે ખુદ પોલીસે ફરિયાદી બની ફરિયાદ નોંધાવ્યાને ઘણો સમય વીતવા છતાં આજદિન સુધી પોલીસ આ એકપણ આરોપીઓને પકડી શકી નથી.

# જામનગરમાં જી જી હોસ્પિટલમાં નવી બિલ્ડિંગમાં આરઆઈસીયુ વિભાગમાં આગનું છમકલું થતા દોડધામ મચી




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં જી.જી હોસ્પિટલમાં નવી બિલ્ડિંગમાં આરઆઈસીયુ વિભાગમાં આગનું છમકલું થતા દોડધામ મચી હતી. નવી બિલ્ડીંગમાં આવેલા આરઆઈસીયુ વિભાગમાં એક શ્વાસના દર્દીએ મોઢા પર લગાવેલા માસ્કમાં આગ લાગી હતી, જે દાઝી જતાં હાલ તેની સારવાર ચાલી રહી છે.મળતી માહિતી મુજબ એક શ્વાસના દર્દીએ ઓક્સિજન માટે મોઢા પર માસ્ક લગાવેલ હતું તેમાં આગનું છમકવું થયું હતું. ત્યારબાદ તાત્કાલિક ફાયર તેમજ સુપ્રિટેન્ડ ડોક્ટર તિવારી તેમજ હોસ્પિટલના ડીન નંદની દેસાઈ સહિત ડોક્ટર વસાવડા અને ચેટરજી તાત્કાલિક બીજા માળ પર આવેલ આરઆઈસીયુ વિભાગમાં પહોંચી ગયા હતા. દર્દીના માસ્કમાં આગ કઈ રીતે લાગી હતી તેની તપાસ હાથ ધરાઇ છે. આ આરઆઈસીયુ વિભાગમાં ૧૫ જેટલા દર્દીઓ હતા. જોકે, સદનસીબે કોઇને કોઇ ઇજાઓ નથી થઇ, એવું હોસ્પિટલના ડોક્ટર તિવારી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અનેક જાતિઓના જીવનમાં અમૂલ્ય પરિવર્તન લાવશેઃ- નિર્મલ જારીયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા ભાજપના બક્ષીપંચ મોરચાના પ્રમુખ નિર્મલ જારીયા જણાવે છે કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ પછાત વર્ગો, દિવ્યાંગો જેવા અનેક જાતિઓના કૌશલ્ય ધરાવતા બહોળા કારીગરો પોતાની કલાકારીગરીથી સ્વમાનભેર ધંધો રોજગાર ચલાવી શકે તે માટે સરકાર "પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ સન્માન યોજના" થકી આર્થીક સહાય આપશે.



આ યોજના થકી દરજી, વાળંદ(નાઇ), કુંભાર, કડિયા, લુહાર, સુથાર, મોચી વગેરે સમાજના કારીગરોના સશક્તિ કરણને પ્રોત્સાહન મળશે.

તેમના વેપારમાં વૃદ્ધિની શુંખલાને આગળ વધારવા અને સક્ષમ બનાવવા માટે શરૂઆતથી માંડી અંત સુધી અર્વગ્રાહી સહાય પ્રધાન થશે. જેથીં તેમની સામાજીક આર્થિક સ્થિત તેમજ તેમના જીવનની ગુણવત્તામાં સુધારો થશે.

આ યોજનમાં પ્રાત્રતા ચકાસ્યા બાદ તબક્કાવાર આ યોજના અંતગેત લાભાર્થીઓને લાભ મળશે.હાલ મોરબી જીલ્લા માં રજીસ્ટેશન ચાલુ હોય.આ માટે કોમન સર્વિસ સેન્ટર(ઈજી) માંથી કારીગરો રજીસ્ટ્રેશન કરાવી સરકારી યોજનાનો લાભ મેળવી શકે છે.

# જામનગર મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૧૫૮ કરોડથી વધુના કામો મંજૂર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમ મહાનગર-પાલિકાની સ્ટેન્ડિંગ કમિટી બેઠકમાં રૂા. ૧૫૮ કરોડ, ૭૪ લાખના વિવિધ વિકાસકામોને મંજૂરી આપવામાં આવી હતી.જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક આજે ચેરમેનના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં ૧૧ સભ્યો ઉપરાંત, મેયર , ડે. મેયર, મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી, ઈન્ચાર્જ નાયબ કમિશનર ભાવેશ જાની, ઈન્ચાર્જ આસી. કમિશનર કોમલબેન પટેલ અને જિજ્ઞેશ નિર્મલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.શુભમ રેસિડેન્સી થી ટીટોડીવાડી સુધીના રોડમાં સેન્ટ્રલ લાઈટિંગની દરખાસ્તને પેન્ડિંગ રાખવામાં આવી હતી. તેવી જ રીતે હાપા માર્કેટ યાર્ડથી રાધિકા સ્કૂલ સુધીના માર્ગે સેન્ટ્રલ લાઈટિંગના માટેના કામની દરખાસ્ત પણ પેન્ડિંગ રખાઈ હતી. સમર્પણ અને પંપહાઉસની ઈએસઆર હેઠળ આવતા વિસ્તારોમાં ટેન્કર માર્ગે પાણી વિતરણ માટે વાર્ષિક રૂા. ૨૮ લાખ ૪૪ હજાર, તથા બેડી અને મહાપ્રભુજી બેઠક ઈએસઆર હેઠળના વિસ્તારમાં ટેન્કર મારફત પાણી વિતરણ કરવા રૂા.



૨૮ લાખ ૨૦ હજાર નો ખર્ચ મંજૂર કરાયો હતો.રણમલ તળાવ અને ખંભાળિયા ગેટની સફાઈ માટે ત્રણ વર્ષનું રૂા. ૮ લાખ, સાત હજારનો ખર્ચ મંજૂર કરાયો હતો. શહેરના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યાના નિકાલ માટે, પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી ડિઝાઈન તથા ફિઝિબિલિટી ચેકિંગ વગેરે કામ માટે રૂા. ૩૬ લાખનો ખર્ચ મંજૂર કરાયો હતો.ભૂજીયા કોઠાના રિસ્ટોરેશન, કન્ઝર્વેશન, કન્સોલિડેશન અને રિ-કન્સ્ટ્રક્શનના કામ માટે રૂા. ૯૨ લાખ, ૩૮ હજારના ખર્ચને બહાલી આપવામાં આવી હતી. સૈનિક ભવન પાસેના રેલવે ફાટક ઉપર ઓવરબ્રીજના કામ માટે જીએસટી અન્વયે રૂા. ૬૭૯ લાખનો ખર્ચ મંજૂર કરાયો છે.એસટીપી. પાછળના ભાગે રેલવે ફાટક પાછળના રોડની બાજુમાં કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે રૂા. ૧૬ લાખ ૯૯ હજારનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. અમૃત ૨.૦ યોજનામાં સીવર કલેક્શન પાઈપ નેટવર્ક નાઘેડી વોર્ડ નં. ૬ અને ૭. ના કામ માટે રૂા. ૨૪૬૫ લાખ તેવી જ રીતે કર્મચારીનગર વોર્ડ નં.૧૬ માટે ૧૮૬૨ લાખ, હાપા વિસ્તાર વોર્ડ નં. ૧૧-૧૨ માટે રૂા. ૪૨૧૭ લાખનો ખર્ચ મંજુર કરાયો છે.ભૂગર્ભ ગટર સંબંધિત ફરિયાદનાં નિકાલ માટે જેટીંગ મશીન દ્વારા સીવર લાઈન વગેરે સફાઈ કામ માટેની દરખાસ્તોમાં વોર્ડ નં. ૯, ૧૦, ૧૧ અને ૧૨ માટે રૂા. ૩૫.૧૬ લાખ, વોર્ડ નંબર ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ માટે રૂા. ૩૪.૯૨ લાખ, વોર્ડ નંબર ૫, ૬, ૭ અને ૮ માટે રૂા. ૩૦.૦૬ લાખ, અને વોર્ડ નંબર ૧, ૨, ૩ અને ૪ માટે રૂા. ૩૩.૪૬ લાખનો ખર્ચ મંજુર કરાયો છે.જામનગરમાં પે એન્ડ યુઝ ટોયલટ તથા એસ્પીરેશન પબ્લિક ટોયલેટ રૂા. ૧૫૦ લાખનાં ખર્ચ બનાવવાનો સૈદ્ધાંતિક સ્વિકાર કરવામાં આવ્યો હતો. વોર્ડ નંબર ૬ પુષ્કર ધામ સોસાયટીમાં સી.સી. રોડ બનાવવા રૂા. ૭૦ લાખ ૨૮ હજાર, આરોગ્ય કેન્દ્ર સ્ટ્રેન્થનીંગ કરવા માટે રૂા. ૧૧.૩૩ લાખનું ખર્ચ મંજુર કરાયું હતું.

વોર્ડ નંબર ૫, ૯, ૧૩ અને ૧૪માં ગાર્ડન વર્ક્સના કામ માટે રૂા. ચાર લાખનાં કામોને બહાલી આપવામાં આવી હતી.રણજીત સાગર ઢોર ડબ્બાના એનીમલ ખર્ચ કંટ્રોલ અન્વયે શ્વાન ખસીકરણ રૂમમાં સ્ટ્રેન્થનીંગ એન્ડ અપગ્રેડેશન માટે તથા નવો એનીમલ કંટ્રોલ રૂમ બનાવવા માટે રૂા. ૨૪ લાખ ૪૧, હજારનું ખર્ચ મંજુર કરાયું છે.

વોર્ડ નંબર ૧, ૬ અને ૭માં મેટલ, મોરમ, ગ્રીટ સપ્લાય કરી પાથરી આપવાના કામ માટે રૂા. ૩ લાખ, તથા આ વોર્ડમાં જ ગટરનાં કામ માટે ૯ લાખનું ખર્ચ મંજુર કરાયું છે.જામનગર-રાજકોટ રોડથી ધોરીવાવ ગામ સુધી સીસી રોડ માટે ૨૫૫ લાખ, તથા આશીર્વાદ દીપ સોસાયટી પાસેના પુલીયા બ્રીજની જામનગર રોડ સુધી સીસી રોડ માટે રૂા. ૨૫૦ લાખનાં ખર્ચને મંજુરી આપવામાં આવી છે.જ્યારે પાયલોટ બંગલાથી પંચવટી માનસરોવર એપાર્ટમેન્ટ સુધી રસ્તાને ગૌરવ પથ કમ્પ્લીટ સ્ટ્રીટ તરીકે ડેવલોપનાં કામ માટે રૂા. ૧૫ કરોડ ૨૨ લાખના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી.૨૦ એમએલડી સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ એસબીઆર ટેકનોલોજી સાથે.સીવેજ પમ્પીંગ સ્ટેશન, મેઈન લાઈન તથા આનુસંગિક મીકેનીકલ, ઈલેક્ટ્રીક કામ સાથે એસ.ટી. થી બનાવવા અને પાંચ વર્ષનાં ઓપરેશન અને મેન્ટનન્સ કામ માટે રૂા. ૪૦ કરોડ ૦૯ લાખનાં ખર્ચને બહાલી આપવામાં આવી હતી.અધ્યક્ષ સ્થાનેથી ટેન્ડર કમિટીની રચના કરવામાં આવી હતી. જેમાં ધર્મરાજસિંહ જાડેજા, અરવિંદભાઈ સભાયા, કિશનભાઈ માડમ અને મનીષભાઈ કટારીયાનો સમાવેશ કરાયો છે.

# પશુઓને પકડવાની કામગીરીને લઈ રાજપુત કરણી સેનાએ નોંધાવ્યો વિરોધ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રખડતા પશુઓ ને પકડવાની કામગીરી હાથ ધરાય છે તેને લઈ આજે રાજપુત કરણી સેનાએ રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરને આવેદનપત્ર સુપ્રત કરીને જણાવ્યું છે કે કાયદાનું પાલન કરવું તે દરેક નાગરિકની ફરજ છે પરંતુ ઘર પાસે અથવા ઘરમાં બાંધેલા ઢોરને પકડવા તે વ્યાજબી વાત નથી વધુમાં મનપતંત્ર ના કર્મચારીઓ દ્વારા બેફામ વાણી વિલાસ કરી ભયનો માહોલ ઊભો કરવામાં આવી રહ્યો છે આ તમામ બાબતો અંગે જરૂરી પગલા લેવા જરૂરી છે**

# રવિવારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં જાજરમાન પાટીદાર સ્નેહમિલન,અનેક રાજકીય અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિ

## SPG ગ્રુપને વધુ મજબૂત કરવા એક્શન પ્લાન,અનેક ધારાસભ્યો,સાંસદો રવિવારે રાજકોટમાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં રવિવારે SPG ગ્રુપ દ્વારા જાજરમાન સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરાયું છે, જેમાં મોટી સંખ્યામાં પાટીદારોની જનમેદની ઉમટશે, CM ભુપેન્દ્ર પટેલ,ધારાસભ્યો, સાંસદો સહિત અનેક રાજકીય અગ્રણીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના છે

સરદાર પટેલ ગ્રુપદ્વારા સમાજની એકતાને લઈ તથા સમાજ કલ્યાણ હેતુ અનેક કામો કરવામાં આવે છે, SPG ગ્રુપ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ, વૃક્ષારોપણ, રાહત દરે ચોપડા વિતરણ તથા દરેક સમાજની માતાઓ બહેનોની રક્ષા માટે સ્પેશિયલ ટિમ થકી લુખાઓ સામે રક્ષણ-મદદ સહિતની વિવિધ સેવાકીય કામગીરી કરવામાં આવે છે. ત્યારે આ ગ્રુપ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

દ્વારા રવિવારે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિ માં એક વિશાળ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, આ કાર્યક્રમમાં દશહજારથી વધુ પાટીદારો હાજરી આપશે, સાથે જ ૨૦ થી ૨૫ ધારાસભ્યો, ૫ સાંસદો, સહિત અનેક રાજકીય અગ્રણીઓની ઉપસ્થિત રહેશે, આ સાથે જ ખોડલધામના નરેશ પટેલ,જઠ્ઠારાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ, ઉમિયાધામ સિદસર શિક્ષણ પ્રમુખ જયરામભાઈની પણ વિશેષ ઉપસ્થિતિ રહેશે, આ કાર્યક્રમ શહેરના ૮૦ ફૂટ રોડ, કુવાડવા રોડ પાસે, કાર્તિક પાર્ટી પ્લોટ ખાતે રવિવારે બપોરે ૩:૦૦ (ત્રણ)કલાકે આયોજિત કરેલ છે, જેમાં મોટી સંખ્યામાં પાટીદારો ને જોડાવવા SPG ગ્રુપ દ્વારા જાહેર આમંત્રિત કરવામાં આવ્યું છે, કાર્યક્રમ બાદ સ્વરૂચી ભોજનની પણ વ્યવસ્થા કરાઈ છે,

આ કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન SPG સૌરાષ્ટ્ર જોનના કલ્પેશભાઈ રાંક, જિલ્લાના નૈમીશભાઈ પરસાણા,રાષ્ટ્રીય કારોબારી અધ્યક્ષ અશ્વિનભાઈ મોલિયા, સૌરાષ્ટ્ર ઉપાધ્યક્ષ પંકજભાઈ સખિયા, રાજકોટ શહેર પ્રમુખ વિશાલભાઈ રાબડીયા સહિત અનેક સામાજિક અગ્રણીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી છે,ખૂબ જ મોટા પાયે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરી સમાજને વધુ ને વધુ માર્ગદર્શન અને મદદરૂપ થવા રાજકોટમાં મોટા પાયે આયોજન કરાયું છે

# આજે લાંબામાં લાંબી રાત્રી..દિવસ ટૂંકો

## આવતીકાલ થી રાત્રિ ક્રમશઃ ટૂંકી અને દિવસ લાંબો થશેઃ રાજકોટમાં ૧૩ કલાક ૧૪ મિનિટ ની સૌથી લાંબી રાત્રીઃ સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિના કારણે ઉતરાયણ કહે છે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

આજે તા, ૨૨ ડિસેમ્બર શુક્રવાર રાત લાંબી અને દિવસ ટૂંકો નો લોકો અનુભવ કરશે. પૃથ્વી ૨૩.૫ અંશે જુકેલી હોવાના કારણે દિવસ - રાત માં લાંબા - ટૂંકા, ફેરફાર અને ઋતુઓ ઉત્પન્ન કરવામાં કારણભૂત છે. સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિ કરે છે તેથી ઉતરાયણ કહેવામાં આવે છે પૃથ્વીથી ની ધરી સીધી હોત તો દિવસ - રાત ૧૨-૧૨ કલાકની બને છે. આજે રાજકોટમાં ૧૩ કલાક અને ૧૪ મિનિટની સૌથી લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ભારત જન વિજ્ઞાન જાથા લોકોને દિવસ - રાતના સામાન્ય ફેરફારોનો અનુભવ કરવા અપીલ કરવામાં આવી છે.

જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડ્યા એ જણાવ્યું કે આજે રાજકોટમાં રાત્રિના ૧૩ કલાક ૧૪ મિનિટ ૧૧ સેકન્ડ, જૂનાગઢમાં રાત્રિના ૧૩ કલાક ૧૧ મિનિટ ૫ સેકન્ડ, દ્વારકામાં રાત્રી ૧૩ કલાક ૧૩ મિનિટ ૫૯ સેકન્ડ, અમદાવાદમાં ૧૩ કલાક ૧૭ મિનિટ ૧૧ સેકન્ડ, મુંબઈમાં રાત્રિના ૧૩ કલાક એક મિનિટ ૨૭ સેકન્ડ, ઉજ્જૈનમાં રાત્રિના ૧૩ કલાક ૩૬ મિનિટ 07 સેકન્ડ, દિબ્રુગઢમાં રાત્રી ૧૩ કલાક ૩૬ મિનિટ ૩૭ સેકન્ડ,કશ્મીરમાં રાત્રી ૧૩ કલાક ૪૩ મિનિટ ૫૬ સેકન્ડ, કન્યાકુમારીમાં રાત્રી ૧૨ કલાક ૨૧ મિનિટ ૩૯ સેકન્ડ, લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ત્યાર બાદ તા. ૨૩ મી શનિવારથી રાત્રિ ક્રમશ ટૂંકી અને દિવસ ક્રમશ લાંબો થશે. પૃથ્વીનો ઝુકાવ સૂર્યને પરિભ્રમણ ગતિ, સૂર્ય હોય છે તો દક્ષિણ ગોળાર્ધમાં પણ તે પૃથ્વી પર તરફ ગતિ કરે છે. નાના - મોટા શહેરોમાં સામાન્ય મિનિટોનો તફાવત જોવા મળે છે.

વધુમાં પંડ્યા એ જણાવ્યું કે સૂર્ય તેના આકાશના વિચરણમાં ઉત્તર ગોળાર્ધમાં ૨૩.૫ અક્ષાંશ સુધી જ જાય છે. અને પછી ત્યારથી પાછો ફરે છે. તે ૨૩.૫ અંશ ઉત્તર અક્ષાંશને ઓળંગતો નથી. પૃથ્વી પર ૨૩.૫ ઉત્તર અક્ષાંશને કર્કવૃત કહે છે. પૃથ્વી પર ના ૨૩.૫ દક્ષિણ અક્ષાંશ ને મકરવૃત્ત કહે છે.

વિશેષમાં જયંત પંડ્યા જણાવે છે કે પૃથ્વીની ૨૩.૫ અંશે ઝૂકેલી ધરીને કારણે પૃથ્વી પર ઋતુઓ ઉત્પન્ન થાય છે અને ધ્રુવ પ્રદેશો પર છ-છ મહિનાના દિવસ અને રાત થાય છે. પૃથ્વીના ગોળા પર ઊંચે અક્ષાંશ જે બારે માસ ઠંડી રહે છે ત્યાં બારેય માસ બરફ છવાયેલો રહે છે.

અંતમાં જાથાએ આકાશ તરફ લોકોને નજર કરતાં થાય અને ખગોળ વિષય ઉપર રુચિ કહેવાય તે માટે અભિયાન આદર્યું છે. આજે લોકો લાંબામાં લાંબી રાત્રીનો અનુભવ કરી બીજે દિવસથી રાત્રી ક્રમશઃ સેકન્ડની ગણતરીએ ટૂંકી અને દિવસ ક્રમશઃ લાંબો થશે.

# જેતપુરમાં રેલ્વેના પુલ પરથી અકસ્માતે પડી જતાં એક યુવાનનું મોતઃ અન્ય ઘાયલ

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર શહેરના ભાદર નદી પરના રેલ્વેના પુલ ઉપરથી બે પરપ્રાંતીય શખ્સો વહેલી સવારના અકસ્માતે પડી જતા એકનું મોત અને બીજો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયો હતો. ઇજાગ્રસ્તને સારવાર માટે જ્યારે મૃતકને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા.

શહેરના ભાદર નદી પરના રેલ્વેના પુલ પરથી આજે વહેલી સવારે બે અજાણ્યા પરપ્રાંતીય યુવાનો કોઈ કારણસર પચાસેક ફૂટ નીચે નદીના પટમાં પડતાં બંને યુવાનોમાંથી એકનું માથું ફાટી જતા તેનું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે બીજો યુવાન ગંભીર રીતે ઘાયલ થતાં રામૈયા હનુમાન મંદિર વિસ્તારના યુવાનોએ



તેને નદીના પટમાંથી બહાર કાઢી ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સને બોલાવી સારવાર માટે મોકલ્યો હતો.

આ અંગે સ્થાનિકોએ જણાવેલ કે,વહેલી સવારના બંને યુવાનો પુલ પર પાટા પર ચાલતા હતાં. ત્યારે ટ્રેન આવી ચડતા બંને યુવાનો ટ્રેનથી બચવા પુલ પરથી નીચે કૂદકો માર્યો હતો. જ્યારે ઉદ્યોગનગર પીએસઆઇ મજનુભાઈ મેનાતે જણાવેલ કે, બંને યુવાનો રાજસ્થાનના વતની છે તેઓના નામ ભાવારામ ઉર્ફે થાનારામ છેનારામ માજીરાણા અને દેવારામ મોહનરામ માજીરાણા છે અને બંને સામાકાંઠા વિસ્તારમાં આવેલ અમરપુજા ડાઇંગમાં સાડી છાપકામનું કામ કરે છે. ગતરોજ બુધવારે કારખાનામાં રજા હોવાથી બંને સવારના નીકળી ગયા હતા. એટલે તેઓનું મોત ટ્રેન આવવાથી પુલ પરથી કુંદવાથી થયું કે બીજા કોઈ કારણસર તે અકસ્માતમાં બેભાન રહેલ દેવારામ ભાનમાં આવે ત્યારે જાણ થશે.

# ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’અંતર્ગત રાજકોટ તાલુકાના બામણબોર ગામમાં લોકકલ્યાણકારી યોજનાના લાભોનું વિતરણ કરાયું

## આરોગ્ય ચકાસણી સાથે સ્થળ પરથી જ આયુષ્માન કાર્ડ કાઢી આપવામાં આવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુકાના બામણબોર ગામના લોકોને વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓના ઘર આંગણે લાભ આપવા ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નો રથ આવી પહોંચતા લોકો દ્વારા તેનું ઉમંગસભર સ્વાગત કરાયું હતું સાથે વિવિધ લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ, પી.એમ.ઉજજવલા તેમજ અન્ય યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ તકે આરોગ્ય કેમ્પ યોજાયો હતો જેમાં ગ્રામજનોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી.સરકારશ્રીની ઉજ્જવલા, આયુષ્માન ભારત યોજનાનો લાભ મેળવનાર



લાભાર્થીઓએ 'મેરી કહાની મેરી જુબાની' અંતર્ગત સરકારની કલ્યાણકારી યોજનાથી થયેલા લાભ અંગે પોતાની કહાની રજૂ કરી હતી.

આ ગામ પંચાયતમાં જલજીવન મિશન, જનધન યોજના ૧૦૦ ટકા પૂર્ણ થઈ છે. તદુપરાંત ઓડીએફ+ એટલે કે હર ઘર શૌચાલયથી સજજ છે તેમજ હર ઘર જલ મિશનની ૧૦૦% કામગીરી બદલ તેને અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. અવસરે લોકોએ દેશની એકતા, અખંડિતતા અને સંપ્રભુતા જાળવી રાખવા સાથે દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવા માટે પુરુષાર્થ કરવાનો સંકલ્પ લીધો હતો.

આ કાર્યક્રમમાં ચોટીલાના ધારાસભ્યશ્રી શામજીભાઈ ચૌહાણ, અગ્રણી શ્રી જે.કે.પીપળીયા, ભરત ડાભી, સરપંચશ્રી વિક્રમ બસિયા, તલાટી કમ મંત્રી, ગામના અગ્રણીઓ તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગૃહમાં ચૂંટાયેલા સંસદસભ્યોનું સસ્પેન્શાન તાત્કાલિક રદ કરવામાં આવે : આમ આદમી પાર્ટીએ કરી માંગ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**રાજકોટ આમ આદમી પાર્ટી દ્વારા આજે રાષ્ટ્રપતિને પત્ર પાઠવીને જણાવવામાં આવ્યું છે કે હાલમાં ચાલી રહેલી લોકસભામાં વિરોધ પક્ષના સંસદ સભ્યોને મોટી સંખ્યામાં એક તરફી નિર્ણય લઈ બરતરફ કરવામાં આવ્યા છે જે ઘટના લોકશાહી માટે કલંક રૂપ છે તેઓએ વધુમાં જણાવ્યું હતું કે એક જવાબદાર રાજકીય પક્ષ તરીકે આપને વિનંતી છે કે આ તમામ સંસદ સભ્યોનું સસ્પેન્શન તાત્કાલિક રદ કરવામાં આવે.**

# રાજ્યકક્ષાના ઓપન યુથ ફેસ્ટીવલમાં ઈશિતા ઉમરાણીયાએ રાજકોટનું નામ રોશન કર્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજયના યુવા કલાકારોમાં રહેલી કલા પ્રદર્શિત કરવા માટે યોગ્ય પ્લેટફોર્મ પુરુ પાડવાનો નિર્ધાર રાજ્ય સરકારે કર્યો છે. જે અંતર્ગત પ્રતિવર્ષ ઓપન યુથ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષ દરમિયાન આ સ્પર્ધા ૧૫ અને ૧૬ ડીસેમ્બરના રોજ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, પાટણ ખાતે યોજાઈ હતી, જેમાં રાજકોટની ઈશિતા ઉમરાણીયાએ સોલો ક્લાસિકલ વોકલ- હિન્દુસ્તાની સંગીતમાં બિલાસખાની તોડી રાગ ગાઈને પ્રથમ ક્રમાંક મેળવીને રાજકોટનું નામ રોશન કર્યું છે.

પોતાની આ સિધ્ધિ અંગે વાત કરતા ઈશિતા ઉમરાણીયા કહે છે કે, જિલ્લા કક્ષાએ, પ્રદેશ કક્ષાએ અને રાજ્ય કક્ષાએ સોલો ક્લાસિકલ વોકલ- હિન્દુસ્તાની સંગીતમાં પ્રથમ ક્રમાંક મેળવ્યાનો મને ખુબ જ આનંદ છે. આગામી દિવસોમાં નેશનલ લેવલે ઓપન યુથ ફેસ્ટીવલ પર્ફોર્મ કરવા મળશે.

શ્રી ઈશિતાએ બી.એ વિથ ઈંગ્લીશનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. તેઓ છેલ્લા ૧૦ વર્ષથી ઈન્દોર ઘરાનાના વિદુષી શ્રીમતિ પિયુ સરખેલ પાસેથી તાલીમ મેળવે છે. રોજના ૩-૪ કલાક રિયાઝ કરે છે

રાજ્ય સરકાર દ્વારા કલા મહાકુંભ અને યુથ ફેસ્ટીવલનું આયોજન કરીને કલાકારોને ગ્રામ્ય કક્ષાથી લઈને રાજ્ય કક્ષા અને રાષ્ટ્રીય કક્ષા સુધીનું પ્લેટફોર્મ પુરૂ પાડે છે. આવા આયોજનો વિદ્યાર્થીઓ કલાકારોને આગળ વધવા માટે એક નવી રાહ ચીંધે છે. અભ્યાસ સિવાયની તેમનામાં રહેલી કલાને નિખારવાનો એક મોકો આપવામાં આવે છે. જેના થકી કલા-સંસ્કૃતિ-સાહિત્યના સાંસ્કૃતિક વારસાનું સુયોગ્ય જતન થાય છે.

# પિયત મંડળીઓનો ઉદ્દેશ ૧૦૦ ટકા સિંચાઈ સવલત સાથે ૧૦૦ ટકા પાણીનો બચાવ; સમૃદ્ધ ખેતી થકી દરેક ખેડૂત બને સમૃદ્ધ

## ખેતી અને ખેડુત બન્નેની દશા અને દિશા બદલી ગયા ; હળવદ વિસ્તારની અંદાજિત ૪૦૦ હેકટર જમીનની કાયાપલટ થઈઃ ‘ભૂમિ ભારત ગરીમામચી, નિત્ય નીપજે હેમ, વહે નીર સરિતા તણા રખે, ખુંદે પુત્રી ખોળો જેમ’

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબીઃ** ગુજરાતે તાજેતરના દાયકાઓમાં વિકાસની વાટે જે દોટ મૂકી છે તે અદ્વિતીય છે. જોત જોતામાં ગુજરાત રાજ્ય વિકાસનો પર્યાયી બની ગયો. તમામ ક્ષેત્રોની સાથે કૃષિ ક્ષેત્રે પણ ગુજરાતે હરણફાળ ભરી છે. નર્મદાના નીર ગુજરાતના ચારે ખૂણામાં પહોંચ્યા અને ગજરાતની ધરા પાણીદાર બની ગઈ. હવે આ કેનાલોથી ખેડૂતોના ખેતરો સુધી પાણી પહોંચાડવા માટેનું કામ થોડું કઠિન હતું જેના માટે પણ સરકાર દ્વારા સુચારૂ આયોજન કરવામાં આવ્યું. આ કામમાં સરકારની સાથે પિયત મંડળીઓ પણ જોડાઈ અને નર્મદા તેમજ ડેમ અને નદીઓના નીર વ્યવસ્થિત આયોજન સાથે ખેડૂતોના ખેતરો સુધી પહોંચાડી પાણીના સંવર્ધન માટે પણ ટપક સિંચાઇ પદ્ધતિ અપનાવવામાં આવી. મોરબી જિલ્લાના રોહિશાળા ગામેથી શરૂ થયેલી પિયત મંડળીની પ્રેરણાદાયી યાત્રા આજે ગુજરાતના ગામે ગામ પહોંચાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ભારતની ભૂમિ વર્ષોથી ગૌરવશાળી રહી છે. આજે પણ જયાં નજર કરો ત્યાં સુવર્ણ સરીખી વિરાસત ધરબાયેલી છે. આ ભૂમિ પર આજે પણ રાજા જનક જેવા મહાપુરુષ હળ ચલાવે તો ધરતી માતાના ખોળામાંથી માતા સિતાનું અવતરણ થાય એમ છે. તો ગુજરાતની ધરતી કંઇક વિશેષ મહત્વ ધરાવે છે. વાત કરીએ મોરબીની તો મોરબી જિલ્લાની માટી સિરામિક ઉદ્યોગ થકી વૈશ્વિક સ્તરે આગવું ગૌરવ ધરાવે છે, તો કૃષિની દ્રષ્ટીએ પણ મોરબી જિલ્લો મહત્ત્વનો છે. એક સમયની બીનઉપજાઉ જમીનને પિયત મંડળી થકી નવપલ્લવિત બનાવી અહીંના ખેડૂતોએ દાડમ સહિતના ફળોની મીઠાશ વિશ્વ સુધી પહોંચાડી છે.

મોરબી જિલ્લામાં ખેડૂતો સુધી સિંચાઈ



માટે પાણી પહોંચાડવાના હેતુથી વર્ષ ૨૦૦૫ માં રોહિશાળા ખાતે દેવશીભાઈ સવસાણીએ પિયત મંડળી બનાવી આ પિયત મંડળી થકી તે ગામ અને આસપાસના વિસ્તારમાં પાણી પહોંચાડ્યા. પાણીની સવલત પ્રાપ્ત થતા એ ખેડૂતો સમૃદ્ધ બન્યા અને આજુ બાજુ ના વિસ્તારના લોકો પણ તેના પરથી પ્રેરણા લઈ મંડળીઓ બનાવી. દેવશીભાઈ અને તેમની મંડળીની કામગીરીની સરકારે પણ નોંધ લીધી અને પૂરતો સહકાર આપ્યો. ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય ઉદ્વહન પિયત સહકારી સંઘ લિ.નું ગઠન કરવામાં આવ્યું અને દેવશીભાઈ સવસાણીને તેના ચેરમેન બનાવવામાં આવ્યા. દેવશીભાઈની રાહબરી હેઠળ અને સરકારશ્રીના સહયોગ થકી મોરબી જિલ્લામાં ૫૫ (પંચાવન) જેટલી પિયત મંડળીઓનું ગઠન કરવામાં આવ્યું છે.

આ પિયત મંડળીઓ સુધી પાઈપ લાઈનનું નેટવર્ક ઉભુ કરી નર્મદા કેનાલ, ડેમ તથા નદી વગેરે જળ સંસાધનોમાંથી ખેડૂતોના ખેતરો સુધી પાણી પહોંચાડવામાં આવી રહ્યા છે અને ૧૦૦% ટપક સિંચાઇ પદ્ધતિ થકી આ પાણીનો કરકસરયુક્ત વપરાશ કરવામાં આવી રહ્યો છે. હળવદ વિસ્તારમાં વર્ષ ૨૦૦૮માં નંદનવન પિયત મંડળી બનાવવામાં આવી. આસપાસના ખેડૂતોએ ૭-૮ કિલોમીટર લાંબુ પાણીનું પાઈપ લાઈન નેટવર્ક ઉભુ કરી નર્મદા કેનાલનું પાણી ખેતરો સુધી લઈ આવ્યા. ત્યારબાદ તો ખેડૂતો અને જમીન બન્નેની દશા અને દિશા બન્ને બદલી ગયા.

ત્યારબાદ નંદનવન પિયત મંડળી પરથી પ્રેરણા લઈ આજુબાજુમાં બીજી મંડળીઓ પણ બની. જેમાં આર્યવન સિંચાઈ મંડળી, બહુચર સિંચાઈ મંડળી, કિસાન સિંચાઈ મંડળી અને પંચાસર સિંચાઈ મંડળી મુખ્ય છે. આ ખેડૂતોએ બાગાયતી ખેતી અપનાવી ખેતી ક્ષેત્રે આગવું નામ કર્યું છે. જોતજોતામાં હળવદ વિસ્તારની અંદાજિત ૪૦૦ હેક્ટર જમીનની કાયાપલટ થઈ ગઈ.

આ બાબતે ગુજરાત રાજ્ય ઉદ્વહન પિયત સહકારી સંઘ લિ.ના ચેરમેનશ્રી દેવજીભાઇ સવસાણી જણાવે છે કે, મોરબી જિલ્લાના રોહિશાળાનો હું વતની છું રોહિશાળાની નાની પિયત મંડળીથી આ કાર્યની શરૂઆત કરી આજે હું આ સફળતા સુધી પહોંચ્યો છે. હાલ સરકારની સાથે સમગ્ર ગુજરાતમાં પિયત મંડળીઓના વ્યાપ માટે અમે સતત ચિંતનશીલ છીએ. વર્ષ ૨૦૦૫ માં નાની પિયત મંડળીની શરૂઆત કરી હતી. જેતે સમયમાં આજી ડેમના વહેતા પાણીમાંથી હજારો ફુટ લાંબી લાઈન નાખીને લાખોનો ખર્ચ કર્યો હતો. આજીથી ગામ સુધી પાણી પહોચ્યુંને ખેડૂતોના ચડતીના દિવસો શરૂ થયા, ગામમાં ખેડૂતોની આવક વધી જેથી ગામની ખુશહાલીમાં પણ વધારો થયો. સરકારે વર્ષ ૨૦૦૬માં અમને ૮ કલાક વીજળીની અને વર્ષ ૨૦૦૯માં ઔદ્યોગિક વીજ માળખું ખેતીક્ષેત્રે ઉભુ કરી ૨૪ કલાક વીજળીની ભેટ આપી. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સુક્ષ્મ સરફેઝ વોટર પ્રોજેક્ટ સિસ્ટમથી સમગ્ર ગુજરાતને આવરી લેવાની વિચારણા કરવામાં આવી છે.

નંદનવન સિંચાઈ સહકારી મંડળીના ખેડૂતશ્રી મહેશભાઈ પટેલ જણાવે છે કે, અમારી બાજુમાં અહિં નર્મદા નહેરના પાણી અહીં ખેતર સુધી પહોંચાડવા વૈકલ્પિક વ્યવસ્થા કેવી રીતે કરવી તે મોટો પ્રશ્ન હતો. અનેક સલાહ સુચન બાદ ૬ કિલોમીટર જેટલી દૂર આવેલી કેનાલથી પાણી લઈ આવવા પાઈપલાઈન નાખવામાં આવી. ૨૦૦૮ પહેલા એવી સ્થિતિ હતી કે ચોમાસા આધારિત ખેતી થતી જેથી અડધો વિસ્તાર ઉત્પાદન વિનાનો રહેતો. સિંચાઈ સુવિધા મળતા અંદાજિત ૪૦૦ હેકટર જમીન સંપુર્ણ બાગાયત, સંપૂર્ણ પિયત અને સંપૂર્ણ ટપક સંચાઈ પદ્ધતિ સાથે રળિયામણી બની ગઈ.

સરકારનો ખેડૂતોની આવક ડબલ કરવાનો જે અભિગમ છે તે અહીં ચરિતાર્થ થયો છે. મંડળીના ખેડૂતોની ટપક સિંચાઈ પદ્ધતિ આપનાવવા માટે ખેડૂતોને ૫૦% સબસીડી, ટાંકા બનાવવાની સહાય, નવી મંડળી બનાવવા પાઈપલાઈનમાં સહાય વગેરે યોજનાઓની સહાયથી ખેડૂતો સારૂ વળતર મેળવી રહ્યા છે.

